[illegible]
મંદિરોને અપાતી ગ્રાંટ ઇન-એઇડનું ધોરણ સુધારવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: જીએસી-૧૦૭૭-૭૦૧૪૨-૮૩-ગ,
સચિવાલય, ગાંધીનગર તા. ૨૮-૧૦-૮૩.

વંચાણે લીધા:- ૧: શિક્ષણ વિભાગનો તા. ૨૯-૯-૭૭ નો ઠરાવ ક્રમાંક: જીએસી-૧૦૭૭-૩૪૦૬૭-ગ,
૨: શિક્ષણ વિભાગનો તા. ૨૩-૧૧-૮૨નો પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૮૨-ક...

ઠ રા વ.

ગુજરાતના ઇતીહાસ અને દેશના સ્વાતંત્ર્ય કડીબધ્ધ ઇતિહાસ દ્વારા વર્ણવી શકે તેવું જ્ઞાન વાસ્તવિક બનાવતા ગુજરાતના સ્વાતંત્ર્ય સેનાના યોગાનંદજી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં આવી પેઢીને દેશની આઝાદીને અને યોગ શાસ્ત્રને લગતું જ્ઞાન રમૂજ શૈલીમાં આપે છે. આવાં પ્રવચનો ગુજરાત રાજ્યની બિન-સરકારી માધ્યમિક શાળાઓમાં યોજવા અંગેનો ખર્ચ ગ્રાંટના હેતુસર માન્ય રાખવા અંગેનો પ્રશ્ન સરકારશ્રીની વિચારણા હેઠળ હતો.

પુખ્ત વિચારણાને અંતે નીચે જણાવેલ શરતોને આધીન બિન-સરકારી માધ્યમિક શાળાઓને અપાતા '' ઇતરખર્ચની ગ્રાંટ '' (૧૫ ટકા કે ૨૦ ટકા) માંથી આવાં પ્રવચનો અંગેનો ખર્ચ માન્ય ખર્ચ તરીકે ગણવાનું આથી સરકારશ્રી ઠરાવે છે:-

(૧) માધ્યમિક શાળાઓમાં આપવામાં આવતી '' ઇતર ખર્ચની ગ્રાંટ '' (પગારના ૧૫ ટકા કે ૨૦ ટકા) માંથી અને કલાકના રૂા. ૨૦/- ના ધોરણે પરંતુ વાર્ષિક રૂા. ૩૦૦/- થી વધે નહીં તે શરતે આ મહેમાન વ્યાખ્યાતાઓને પ્રવચન આપવા માટે ખર્ચ માન્ય રાખી શકાશે.

(૨) આવા મહેમાન વ્યાખ્યાતાઓની એક પેનલ શિક્ષણ નિયામકશ્રીએ મંજુર કરવી અને તે પેનલમાં જ વ્યાખ્યાતાઓ કે જેઓ સ્વાતંત્ર્યની લડત કે અન્ય પ્રવૃત્તિ જોવા કે '' યોગ '' વિગેરે અંગે વિષય નિષ્ણાંત હોય તેવા જ આવા પ્રવચનો આપી શકશે.

(૩) એક જ મહેમાન વ્યાખ્યતાને આવાં પ્રવચનો મળે નહિ તે માટે વાર્ષિક ૫૦ પ્રવચનોની મર્યાદામાં જ રૂા. ૧૦૦૦/- વાર્ષિક ગુરુત્તમ મર્યાદા રહેશે.

૨. આ હુકમો સર્વે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીઓના ધ્યાન ઉપર લાવવા ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીને વિનંતી કરવામાં આવે છે.

૩. આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં સલાહકારશ્રીએ તા. રોજ ૨૯-૯-૮૩ ના રોજ આપેલ સંમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

:: અ.લ. રાવલ ::
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ.

૧૨/૧૨/૮૩
૧૧૫

---

પ્રત રવાના:- તમામ માધ્યમિક શાળાઓ, તમામ શિક્ષણ નિયામકશ્રી, તમામ પ્રાથ/ કર્મચારીઓ.

ક્રમાંક: માધ્ય/૫-૧/
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
રાજકોટ તા. -૧૨-૮૩

જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ.